# કે.વી.કે., આ.કૃ.યુ., દેવાતજ ખાતે ભંડારણ વિકાસ તથા વિનિમય પ્રાધિકરણ પર પ્રશિક્ષણ તથા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૨૯/૧૨/૨૦૧૭ના રોજ કેંન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદના નોડલ એજાન્સી ઉદયભાણસિંહજી રીજનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોઓપરેટીવ મેનેજમેન્ટ (URICM), ગાંધીનગરના સહયોગથી ભંડારણ વિકાસ તથા વિનિમય પ્રાધિકરણના સંદર્ભમાં એક દિવસીય પ્રશિક્ષણ તથા જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ ગુજરાત રાજય સહકારી સંઘના સી.ઇ.ઓ. શ્રી શિતલભાઇ ભટ્ટ સાહેબે તેમના પ્રવચનમાં ખેડુતોને સરકારી ભંડારણમાં પોતાના બીયારણ અને અનાજનો સંગ્રહ કરવા સુચન કર્યું હતું અને આ ઉપરાંત વધુ ને વધુ ખેડુતોને રાજ્યના ભંડારણ નિગમનો લાભ લેવા જણાવ્યુ હતું. ઉદયભાણસિંહજી રીજનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કૂપરેટીવ મેનેજમેન્ટ (URICM), ગાંધીનગરના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી. વી. કે. પાંડે સાહેબે ભારત સરકારના ભંડારણ નિગમ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી તેમજ ખેડુતોના વિવિધ પ્રશ્નોનું નિવારણ કર્યું હતું. રાજય સહકારી સંઘના શ્રી રાજેશભાઈ પટેલ કેન્દ્રીય ભંડારણ નિગમની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સબસિડી વિષે વિસ્તૃતમાં ચર્ચા કરેલ. ડો. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, દેવાતજ દ્વારા અનાજ સંગ્રહ વખતે લેવાતી કાળજી અને જરૂરિયાત પરત્વે જાગૃતિ કેળવેલ. સદર કાર્યક્રમમાં ૦૫ ગામોમાંથી કુલ મળી ૬૦ ખેડુતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી , ડો. જી. જી. પટેલે આમંત્રિત મહેમાનો તેમજ ખેડુત ભાઇઓનું શાબ્દીક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું તેમજ અનાજ સંગ્રહની અગત્યતા વિશે ટુંકમાં ચિતાર આપ્યો હતો. ભોજન વિરામ બાદ બધા ખેડુતોએ કેવીકેના વૈજ્ઞાનિકશ્રીઓ ધ્વારા દૂધીપુરા ખાતે આવેલ સરકારી ભંડારણની મુલાકાત કરી રૂબરૂ સમજ આપી હતી. સૌ ખેડુતોને કાર્યક્રમના અંતે કીટ તેમજ બેગ આપવામાં આવ્યા હતા.

શ્રી વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી)એ અંતમાં કાર્યક્રમની આભારવિધી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી એ. બી. પરમાર વૈજ્ઞાનિક (બાગાયત) એ કર્યું હતુ.

# કાર્યક્રમની ઝાંખીઓ








